**ક્રિમીનલ કેસ નં.૧૦૬૮/૨૦૨૩**

**આંક–૦૧ લગત હુકમ**

આ કામે કેસ પેપર્સ વંચાણે લીધા આ કેસ પોલીસ તપાસ અને ચાર્જશીટના આધારે માંડવામાં આવેલ કેસ છે. સદર ગુન્હાના કામે કોગ્નિઝન્સ લઈ આરોપીને વારેવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. સદર કામે આરોપી નં.(૧) ચેતનભાઈ વલ્લભભાઈ રાઠોડ, (૨) હિતેશભાઈ મનસુખભાઈ પદમાણી, (૪) અનિલભાઈ વલ્લભભાઈ રામાણી,(૬) રજનીભાઈ દિનેશભાઈ ગોયાણી, (૯) અંકુશભાઈ અશ્વિનભાઈ લુણાગરીયા, (૧૦) વિપુલભાઈ પરસોત્તમભાઈ દુધાત, (૧૧) ભાવેશભાઈ ભીખાભાઈ સવાણી, (૧૨) જયેશભાઈ મનજીભાઈ નાકરાણી, (૧૬) કમલેશભાઈ મગનભાઈ પદમાણી નાઓએ પોતાના ગુનાની કબુલાત કરવામાં આવેલ છે.

તેમજ આરોપી નં.(૫) જીગ્નેશભાઈ અરજણભાઈ ભુવા, (૭) ભાવિનભાઈ કલ્યાણભાઈ નાકરાણી, (૮) હસમુખભાઈ ભાણજીભાઈ મોળીયા, (૧૩) શૈલેષભાઈ મથુરભાઈ કાથરોટીયા, (૧૪) જીગ્નેશભાઈ મથુરભાઈ જીયાણી, (૧૫) મિલનભાઈ મનસુખભાઈ ભુવા ને વારંવાર સમન્સ/વોરંટ કાઢતા તેઓ આજદીન સુધી કોર્ટમાં હાજર રહેલ નથી. સદર કામે આરોપીઓને હાજર રાખવા સબબ પોલીસને વારંવાર તથા પુરતી તક આપવા છતા આરોપીઓને હાજર રખાવવામાં પોલીસ તંત્ર સદંતર નિષ્ફળ નિવડેલ છે. સદર કેસ જુનો છે. વધુમાં આરોપીઓ ચાર્જશીટમાં જણાવેલ સરનામે રહેતા નથી તેવી હકીકત સ્પષ્ટપણે સાબિત થયેલ છે. તેમજ આરોપીઓ કોઈ મિલ્કત ધરાવતા હોવાની હકીકત રેકર્ડ જોતા ફલિત થતી નથી. તેવા સંજોગોમાં આરોપી વિરુધ્ધ સી.આર.પી. ની કલમ ૮૨, ૮૩ હેઠળની કાર્યવાહી કરી શકાય તેવી હકીકત ફલિત થતી નથી. વધુમાં સદર કામે ફરીયાદી કે જે પોલીસ છે તેઓની પણા આરોપીને બજવણી કરવાની કાયદાકીય ફરજ હોવા છતાં તેઓના દ્વારા આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરાવી કોર્ટ સમક્ષ હાજર રખાવી શકેલ નથી. આમ, સદર કેસ ડેડવુડ સ્થિતિમાં પડી રહેલ છે અને સદર કામે ભવિષ્યમાં પણ કોઇ અસરકારક કાર્યવાહી થઇ શકે તેવી કોઇ વ્યાજબી શક્યતા જણાતી નથી. તેવા સંજોગોમાં સદરહુ કેસ ઈન્સાફી કાર્યવાહી સારૂ વધુ સમય પેન્ડીંગ રાખી મુકવો તે સમયના મૃત્યુ સમાન છે.

આમ, ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતા સદર કામ પેન્ડીંગ રાખવાથી કોઇ અર્થ સરે તેમ જણાતુ ન હોય સદર કામ સી.આર.પી. ની કલમ ની કલમ–૨૫૮ હેઠળ સ્ટોપ કરી ફેંસલ કરવા અત્રેની અદાલત દ્ધારા કાયદાકીય રાહે મળેલ સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાય છે.

## –// હુકમ //–

સદરહુ કેસના આરોપી આરોપી નં.(૫) જીગ્નેશભાઈ અરજણભાઈ ભુવા, (૭) ભાવિનભાઈ કલ્યાણભાઈ નાકરાણી,(૮) હસમુખભાઈ ભાણજીભાઈ મોળીયા, (૧૩) શૈલેષભાઈ મથુરભાઈ કાથરોટીયા, (૧૪) જીગ્નેશભાઈ મથુરભાઈ જીયાણી, (૧૫) મિલનભાઈ મનસુખભાઈ ભુવા સામેનો સદરહુ કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ હકીકતે તથા ઉપર જણાવેલ ચર્ચા મુજબ સદરહુ કેસ ફેસલ કરવામાં આવે છે.

વધુમાં, સદરહુ કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અનવયે આરોપીઓ ન મળી આવવાના કારણોસર બંધ કરવામાં આવેલ હોવાથી જ્યારે પણ સદરહુ આરોપીઓ મળી આવે ત્યારે ફરીયાદપક્ષ સદરહુ કેસ ઓપન કરાવી શકશે અને ફરીયાદપક્ષને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦(૫)નો બાધ આવશે નહીં.

વધુમા, સદરહ કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરેલ હોવાથી હાલના તબકકે મુદામાલ બાબતે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ **તારીખ ૧૪મી, માહે માર્ચ, ૨૦૨૬** નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ : કઠોર**
**લોક અદાલત**

**(પ્રખર શર્મા)**
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, કઠોર
***JUDGE CODE NO.GJ01416.***